# કાર્ય પ્રતિ બાઈબલનો અભિગમ



આશિષ રાયચૂર

મફત વિતરણ માટેજ
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચ દ્વારા મુદ્રિત અને વિતરિત કરવામાં આવ્યું.
પ્રથમ આવૃતિ: ઓક્ટોબર 2005,
સુધારેલી આવૃતિ: October 2021

સંપર્ક:

All People Church & World Outreach,
# 319, 2nd Floor, 7th Main, HRBR layout, 2nd Block,
Kalyan Nagar, Bangalore – 560043, Karnataka, India.

Phone: +91-80-25452617
Email: bookrequest@apcwo.org.
Website: apcwo.org

Unless otherwise indicate, all scripture, quotations are taken from the Holy Bible, New King James Version. Copyright © 1982 by Thomas Nelson, Inc., Used by permission. All Rights reserved.

Biblical definitions, Hebrew and Greek words and their meanings are drawn from the following resources:
Thayer's Greek Definitions. Published in 1886, 1889; public domain.
Strong's Hebrew and Greek Dictionaries, Strong's Exhaustive Concordance by James Strong, S.T.D., L.L.D. Published in 1890; public domain.
Vine's Complete Expository Dictionary of Old and New Testament Words, © 1984, 1996, Thomas Nelson, Inc., Nashville, TN.

નાણાકીય ભાગીદારી:
ઓલ પીપલ્સ ચર્ચના સભ્યો, ભાગીદારો અને મિત્રોની નાણાકીય મદદ દ્વારા આ પ્રકાશનનું મફત વિતરણ શક્ય બન્યું છે. જો તમે આ પુસ્તક દ્વારા આશીર્વાદિત થયા છો તો અમે આપને આ પુસ્તકનાં છાપકામ અને વિતરણ અર્થે નાણાકીય સહકાર માટે આંમત્રીત કરીએ છીએ. કૃપા કરી આ પુસ્તકનાં અંતિમ ભાગમાં આપેલ વેબ સાઇટ એડ્રેસ, apcwo.org, પર સંપર્ક કરી શકો છો. આભાર.

ટપાલ યાદી:
જો આપ આ પુસ્તક કે હવે પછી પ્રકાશિત થનાર પુસ્તકો મેળવવા માગો છો તો કૃપા કરી આપનું નામ, સરનામું અને અન્ય વિગતો Email: bookrequest@apcwo.org પર મોકલી શકો છો.

# કાર્ય પ્રતિ બાઈબલનો અભિગમ

# સમાવિષ્ટ

**1.** કાર્ય ઈશ્વરનો વિચાર છે ........................................ 1

**2.** કાર્ય પ્રતિ ખોટો અભિગમ ........................................ 3

**3.** કાર્ય અંગે એક વિશ્વાસીની વિચારધારા ........................................ 6

**4.** વિશ્વાસીઓને કાર્ય અંગે આદેશ આપવામાં આવ્યો છે ........................................ 10

**5.** સાત યોગ્ય અભિગમો ........................................ 17

**6.** તમારા કાર્ય અંગે ખાતરી ........................................ 20

**7.** નવા વિશ્વમાં કાર્ય કરવું ........................................ 23

# 1. કાર્ય ઈશ્વરનો વિચાર છે

ઉત્પતિ 1:31
**અને દેવે જે સર્વ ઉત્પન્ન કર્યું તે તેણે જોયું; અને, જુઓ, તે ઉતમોત્તમ. અને સાંજ થઈ તથા સવાર થઈ, છઠ્ઠો દિવસ.**

ઉત્પતિ 2:1-3
**1 અને આકાશ તથા પૃથ્વી, અને તેઓના સર્વ સૈન્યો પૂરા થયા.**
**2 અને દેવે પોતાનું જે કામ કર્યું હતું તે તેણે સાતમે દિવસે પૂરું કર્યું; અને પોતાના કરેલા સર્વ કામોથી તે સાતમે દિવસે સ્વસ્થ રહ્યો.**
**3 અને દેવે સાતમા દિવસને આશીર્વાદ દીધો, ને તેને પવિત્ર ઠરાવ્યો; કેમ કે તે દિવસે દેવ પોતાના બધાં ઉત્પન્ન કરવાના તથા બનાવવાનાં કામથી સ્વસ્થ રહ્યો.**

અહીં આપણે ઈશ્વરને કાર્ય કરતાં જોઈએ છીએ. તેઓએ છ દિવસ કાર્ય કર્યું અને સાતમા દિવસે આરામ કર્યો. પરંતુ આપણી જેમ નહીં, ઈશ્વરે થાકી કંટાળીને આરામ નહોતો કર્યો. તેઓએ જે કાર્ય કરવાનું હતું તે પૂર્ણ કર્યું-સૃષ્ટિના સર્જનનું કાર્ય પૂર્ણ કર્યું. તેઓએ નિહાળ્યું કે તેઓનાં હાથથી થયેલ કાર્ય ઉત્તમ અને સંપૂર્ણ હતું ત્યારબાદ જ તેઓએ થોડો આરામ કર્યો.

પરંતુ જે ક્ષણે આદમે પાપ કર્યું, ઈશ્વરે પોતાના કાર્યની ફરીથી શરૂઆત કરવી પડી. જોકે, આ વખતે છૂટકારાનું કાર્ય કરવાનું હતું-મનુષ્યને પોતાના માર્ગે પાછો વાળવાનું કાર્ય. તે સમયથી સતત ઈશ્વર પોતાનું કાર્ય કરે જ જાય છે. એમ કરીને ઈશ્વર મનુષ્ય જાતના છૂટકારાના આયોજનને પ્રસિદ્ધ કરે છે. ઈશ્વર સતત કાર્ય કરે છે!

ઉત્પતિ 2:15
**અને એદન વાડી ખેડવાને, તથા તેનું રક્ષણ કરવાને, યહોવા દેવે તે માણસને તેમાં રાખ્યો.**

ઈશ્વરે આદમને એદન વાડીમાં સ્થાપિત કરીને એવું નહોતું કહ્યું કે, “આદમ, તારે માત્ર મારી આરાધના જ કરવાની છે.” આદમના પતન પહેલા ઈશ્વરે આદમને એક કાર્ય સોંપ્યું હતું. આદમનું કાર્ય “ભૂમિને ખેડવાનું” હતું અને વાડીને સુવ્યવસ્થિત રાખવાનું હતું.

આ આદમનું કાર્ય હતું, તેની જવાબદારી હતી! આદમના પતન પૂર્વે ઈશ્વરે કાર્યના વિચારને પ્રસ્થાપિત કર્યો છે.
આદમના પતન બાદ, તેણે ભૂમિને ખેડવાનું ચાલુ જ રખવાનું હતું, વધુમાં હવે તો ભૂમિ પણ

શાપિત થઈ હોવાથી આદમે ભૂમિને ઉપજાઉ બનાવવા માટે વધુ મહેનત કરવાની હતી(ઉત્પતિ 3:17-19). આપણે સર્વ વિશ્વાસ કરીએ છીએ કે લગ્ન એ ઈશ્વરનો વિચાર છે-તેથી આપણે લગ્નની વ્યવસ્થાનો આનંદ માણીએ છીએ. આપણે જાણીએ છીએ કે મંડળી એ ઈશ્વરનો વિચાર છે તેથી આપણે મંડળીની વ્યવસ્થાનો આનંદ માણીએ છીએ. હવે સુસમાચાર એ છે કે કાર્ય એ પણ ઈશ્વરનો વિચાર છે કે જેને ઈશ્વરે જ સ્થાપિત કર્યું છે! આવો આપણે કાર્ય કરવાનો આનંદ માણીએ!

# 2. કાર્ય પ્રતિ ખોટો અભિગમ

## કાર્ય – અડચણરૂપ

આપણાંમાનાં ઘણા ઈશ્વરની યોજનાઓ અને હેતુઓને પરિપૂર્ણ કરવા માટે ઘણાં બધાં ઉત્સાહી હોઈએ છીએ. પરંતુ આપણ દરેકને કોઈ કાર્ય કરવાનું હોય છે જે આપણે કરવું પડતું હોય છે, સપ્તાહમાં, પાંચ કે છ દિવસ. ક્યારેક આપણને એવો વિચાર આવે કે, "જો મારે આ કે તે કાર્ય કરવાનું ન હોત તો હું ઇસુની સેવા કરવાને મુક્ત હોત." આપણું "કાર્ય" કે "જવાબદારી" સ્વર્ગીય તેડાને પરિપૂર્ણ કરવાનાં આપણાં ઉત્સાહમાં જાણે કે અડચણરૂપ થતું હોય તેવું લાગે છે. આ તદ્દન ખોટો અભિગમ છે. આપણે એક બાબત આપણાં મનમાં બહુ સ્પષ્ટ રીતે રાખવાની જરૂર છે કે જ્યાં સુધી આપણે આ જગતમાં છીએ ત્યાં સુધી આપણે કાર્ય કરતાં રહેવાનુ છે-જેઓ પૂર્ણ સમયની સેવામાં છે તેઓને પણ આ એટલું જ લાગુ પડે છે.

હું જ્યારે બેંગલોરમાં આવેલી બિશપ કોટન બોય્સ શાળામાં અભ્યાસ કરતો હતો ત્યારે 12 વર્ષની વયે "તારણ" પામ્યો. હું ઇસુને માટે જાણે કે સળગતો હતો, સુવાર્તા આપવાની દરેક તકનો ભરપૂર ઉપયોગ કરતો હતો. ક્યારેક હું સુવાર્તા આપવા માટે જાતે જ તકનું નિર્માણ કરતો હતો. મને યાદ છે કે હું વર્ગમાં ઊભો થઈને ઇસુ વિષે કહેવાનું શરૂ કરી દેતો હતો. મે બાજુની બે શાળાઓ-બેલ્ડવીન બોય્સ સ્કૂલ અને કેથેડ્રલ સ્કૂલમાં જઈને સુવાર્તા આપવાનું શરૂ કયું હતું. જોકે શાળાએ અભ્યાસ કરવા માટે જવાનું મને સેવામાં અડચણરૂપ લાગતું હતું, કહેવાતો "અભ્યાસ" મને આશીર્વાદને બદલે અડચરૂપ વધારે લાગવા લાગ્યું હતું. એવું લાગતું હતું કે મારા હ્રદયમાં જાણે કે કોઈ ઠેકાણે એવી છૂપી પ્રાર્થના થતી હતી, "હે દેવ, મને આનાથી છૂટકારો અપાવો. દેવ,  મને શાળા અને અભ્યાસથી મુક્ત કરો તો હું તમારા રાજ્યની સુવાર્તા કાર્યને અને ઇસુ વિષે વધુ લોકોને કહી શકું." ઈશ્વરનો આભાર, કે તેઓએ મને શાળા અને અભ્યાસથી છુટકારો ન અપાવ્યો! મે શાળાનો સંપૂર્ણ અભ્યાસ પૂરો કર્યો અને હું ઈજનેરી કોલેજમાં દાખલ થયો અને જેમ સમય વિતતો ગયો, મને અહેસાસ થયો કે શાળા અને અભ્યાસ મારા માટે શા માટે અગત્યના હતા. ઈશ્વરનો આભાર કે તેમણે મને અભ્યાસ છોડવા માટે ન કહ્યું. પરંતુ મારે કબૂલ કરવું પડશે કે એક સમયે શાળા અને અભ્યાસ દેવના હેતુઓ પરિપૂર્ણ કરવાનાં મારા કાર્યમાં મને અડચણરૂપ લાગતાં હતાં. બાઇબલ વાંચવું, પ્રાર્થના કરવી, સાક્ષી આપવી, સુવાર્તા પ્રગટ કરવી વિગેરેની સરખામણીમાં શાળાના પુસ્તકો વાંચવા, હોમવર્ક કરવું, પરીક્ષા આપવી વિગેરે નગણ્ય લાગતાં હતાં. પાછળથી મને અનુભવ થયો કે મારા કાર્ય (અભ્યાસ) પ્રતિ મારો એ ખોટો અભિગમ હતો.

## કાર્ય – બંધન કે ગુલામી

કેટલાક લોકો કાર્યને બંધનરૂપ ગણે છે. કાર્યસ્થળે પોતાને બંધક મજૂર કે ગુલામ તરીકે અનુભવે છે. તેઓ સતત વિચારે છે કે, "મારે સવારે વહેલું ઉઠવું પડે છે. મને ગમે કે ન ગમે, પરંતુ, મારે કામે જવું પડે છે." કાર્યસ્થળે નિયમો હોય છે જે સ્થિતિને વધુ બદત્તર બનાવે છે. કાર્યને આધારે, આપણે ત્યાં સવારના 9 વાગ્યાથી સાંજના 6 કે 7 વાગ્યા સુધી કામ કરવું પડે છે. કાર્યસ્થળે આપણને અમુક બાબતોમાં જ આઝાદી હોય છે અને દરેક બાબતમાં મુક્તિ હોતી નથી. આ બધુ જોતાં, કેટલાક તેમના કાર્યને બંધન માને છે. આપણામાંના કેટલાક નિયમો કે સત્તાધીશોની સામે બળવો કરીએ છીએ.

આપણે એ સમજવાની જરૂર છે કે કાર્યસ્થળે જે નિયમો હોય છે તે બંધન માટે નથી હોતા પરંતુ હકીકતમાં શિસ્તપાલન માટે હોય છે. આપણે બંધન અને શિસ્ત વચ્ચેના તફાવતને સમજવાની જરૂર છે. આપણને ખ્રિસ્તમાં આઝાદી અને મુક્તિ છે (ગલાતી 2:4; 5:1; 2 જો કરીન્થિ 3:17). પરંતુ આપણે એ પણ સમજવાની જરૂર છે કે ખ્રિસ્તમાં આઝાદીની કેટલીક મર્યાદાઓ પણ છે (ગલાતી 5:13). જેથી આપણે જે ઇચ્છીએ તે બધું જ કરી શકતા નથી. તેથી કાર્યને બંધનના રૂપમાં ક્યારેય ન વિચારતા આપણી જાતને શિસ્તબદ્ધ કરવાની તકના રૂપમાં જોવું જોઈએ.

## કાર્ય – એક અનિવાર્ય દૂષણ

કેટલાક લોકો કાર્યને એક અનિવાર્ય દૂષણના રૂપમાં જુએ છે- એક એવી બાબત કે જે ખર્ચને પહોંચી વળવા માટે ફરજિયાત કરવી પડે છે. અલબત્ત, આપણે કાર્ય કરવું જ રહ્યું કે જેથી આપણે ખાઈ શકીએ અને કુટુંબની જરૂરિયાતો પૂરી કરી શકીએ. જો કે ઘણાં લોકો તેમના કાર્યનો આનંદ માણવાને બદલે ફરિયાદો કરે છે કચવાટ કરે છે. વિશ્વાસીઓ તરીકે, આપણે આપણાં કાર્યનો આનંદ માણતા શીખવું પડશે અને કાર્યને અનિવાર્ય દૂષણ તરીકે ગણવાનું બંધ કરવું પડશે.

## કાર્ય – ભક્તિ (આરાધના)

કેટલાક લોકો માત્ર કામ, કામ અને કામ જ કર્યા કરે છે અને માને છે કાર્ય કરવું એ જ જાણે

કે ભક્તિ કે આરાધના છે. આ અભિગમે આપણી કાર્ય સંસ્કૃતિને વશમાં કરી લીધી છે. કામ કરવું એ ભક્તિ કે આરાધના નથી કારણ કે આરાધના એ ઈશ્વર સાથેનો સંવાદ છે. તમે ઈશ્વર વિષે વિચાર કર્યા વિના પણ કામ કરી શકો છો.

# ૩. કાર્ય અંગે એક વિશ્વાસીની વિચારધારા

વિશ્વાસીઓ તરીકે, કાર્ય અંગે આપણી વિચારધારા શું હોવી જોઈએ? ઈશ્વરે આપણને જે જવાબદારી, વ્યવસાય કે કારકિર્દી આપ્યાં છે તે પ્રત્યે આપણી વિચારધારા કયા પ્રકારની હોવી જોઈએ? અત્રે ત્રણ પ્રકારની વિચારધારા આપવામાં આવી છે જે દરેક વિશ્વાસી માટે મહત્વની છે.

## કાર્ય એ વાહન છે

આપણું કાર્ય, જવાબદારી કે નોકરી પૃથ્વી પર દેવના હેતુઓને સિદ્ધ કરવાનું એક વાહન છે. એ એક વાહન છે કે જેના દ્વારા પૃથ્વી પર દેવના હેતુઓ પ્રગટ થાય છે. બીજા શબ્દોમાં, કાર્ય એ ઈશ્વરદત્ત માધ્યમ છે કે જેના દ્વારા કોઈના જીવનમાં દેવની ઈચ્છા કે હેતુઓની પરિપૂર્ણતા થાય છે. હું સમજી શકું છું કે કેટલાકને પૂર્ણ સમયની સેવા માટે તેડવામાં આવ્યા છે. પરંતુ પૂર્ણ સમયની સેવા પણ એક સંદર્ભમાં “કાર્ય” જ છે.

## કાર્ય એ દેવની વ્યૂહરચના છે

દેવની ઈચ્છા અને હેતુને પરિપૂર્ણ કરવા માટે આપણે સક્ષમ કરવાની વ્યૂહરચનાના એક ભાગરૂપે આપણાં કાર્યને જોવાની અને સમજવાની આપણને જરૂર છે. દાખલા તરીકે, એક વિશ્વાસી તરીકે, દેવ માટે લોકોને જીતવાની તમારામાં તીવ્ર અભિલાષા છે. તમારું કાર્ય કે વ્યવસાય તમને લોકો સાથે સંપર્કમાં લાવે છે, નહીં તો તમે આ લોકોને ક્યારેય મળી શક્યા ન હોત. તેથી તમારે હવે સમજવું જોઈએ કે આ એક પ્રકારની દેવની જ વ્યૂહરચના છે. દેવ તમારા કાર્યને કે વ્યવસાયને કારણે તમને વ્યૂહાત્મક રીતે લોકો સાથેના સંપર્કમાં લાવે છે કે જેથી તમે તેઓની સાથે ખ્રિસ્ત વિષે વાતચીત કરી શકો. તમારું કાર્ય તમારું “પુલપીટ” છે અને જે લોકો સાથે તમે સંપર્કમાં આવો છો તેઓ તમારી “મંડળી” છે.

## કાર્ય એ તૈયારીની પ્રક્રિયા છે

કાર્ય એ માત્ર પૈસા કમાવાનું સ્થળ માત્ર નથી પણ એ એક એવી જગ્યા છે જ્યાં દેવ આપણાં ચારિત્ર્યનું ઘડતર કરે છે. કાર્યસ્થળ આપણાં માટે તૈયારીની પ્રક્રિયાનો ભાગ છે. આપણે

ઘણીવાર વિચારીએ છીએ કે ચારિત્ર્યનું ઘડતર શાબ્બાથ શાળાઓમાં, મંડળીમાં, કે બાઇબલ કોલેજોમાં થાય છે પરંતુ દેવ આપણાં ચારિત્ર્યનું ઘડતર કોઈપણ સ્થળે કરે છે. તેઓ આપણાં જીવનમાં સતત અને હંમેશા પોતાનું કાર્ય ચાલુ રાખે છે.

આપણાં કાર્યસ્થળે, દેવ આપણને લોકો સાથે કેવી રીતે વ્યવહાર કરવો, કેવી રીતે પ્રતીભાવ આપવો, દૈવી જ્ઞાનનો કેવી રીતે ઉપયોગ કરવો અને સમસ્યાનું નિરાકરણ કેવી રીતે કરવું તે શીખવે છે. આપણામાંના કેટલાક કાર્યસ્થળે એવા લોકોનો સામનો કરતાં હોઈશું કે તેઓ આપણને કાંટા સમાન લાગે, તેમની સાથે કેમ પનારો પડવો તેની સમજ ન પડે. પરંતુ દેવ આપણાં કાર્યસ્થળે આવી વિષમ સ્થિતિમાં પણ આપણાં ચારિત્ર્યનું ઘડતર કરે છે. આપણાં કાર્યસ્થળે, આપણને નવી કુશળતાઓ શીખવાની અને વિકસાવવાની તક મળે છે કે જેનો ઈશ્વર તેમના રાજ્યની વૃદ્ધિને માટે ઉપયોગ કરવા માંગતા હોય. દાખલા તરીકે, તમે તમારા કાર્યસ્થળે આગેવાની માટેની કુશળતા હાંસલ કરો છો જેનો ઉપયોગ દેવ મંડળીમાં તમારા દ્વારા કરી શકે છે, આ રીતે તમે આશીર્વાદનું કારણ બની શકો છો.

આવો આપણે બાઈબલમાથી કેટલાક પાત્રોને જોઈએ.

## યુસફ

### પ્રબોધકના દર્શન અને યોજનાની પરિપૂર્ણતા

યુસફ વિષે વિચાર કરો. યુસફ પાસે ઈશ્વરદત્ત દર્શન અને ઈશ્વરદત્ત સ્વપ્ન હતા. પરંતુ તેણે બધું પડતું મૂકીને "પૂર્ણ સમયની" સેવા માટે ઉતાવળ ન કરી. યુસફ દેવ દ્વારા તૈયારીની પ્રક્રિયામાથી પસાર થયો. આ પ્રક્રિયામાં, તેને પોટીફારના ઘરમાં જબરદસ્તી કામ કરવું પડ્યું. ત્યાંથી, કોઈપણ વાંકગુના વિના તેને જેલમાં નાંખવામાં આવ્યો, જેલમાં પણ તેણે કામ કરવું પડ્યું. જેલમાં તેને બધાં કેદીઓનો ઉપરી બનાવવામાં આવ્યો. ત્યાંથી તેને મિસરનો વડાપ્રધાન બનાવવામાં આવ્યો. ત્યાં પણ તેણે કામ કરવું પડ્યું. તેને પૂર્ણ સમયની સેવા માટે તેડવામાં આવ્યો નહોતો છતાં દેવે તેને ઉપર ઉઠાવ્યો અને પોતાના હેતુઓ સિદ્ધ કરવા તેનો ઉપયોગ કર્યો. યુસફે મિસરના વડાપ્રધાન તરીકે કાર્ય કર્યું તેમાં દેવે તેને બાળપણમા આપેલ સ્વપ્ન પરિપૂર્ણ કરવા માટે ઉપયોગ કર્યો. જો યુસફે વડાપ્રધાન તરીકેનું કાર્ય છોડી દીધું હોત અરણ્યમાં કોઈ સ્થળે ઢોર ચરાવવાનું કાર્ય કર્યું હોત તો શું થાત? તેણે દેવના દર્શનની પરિપૂર્ણતાને ક્યારેય નિહાળી ન હોત!

આ હકીકતનો વિચાર કરો. યુસફના ઘણાં વર્ષો પૂર્વે, દેવે ઇબ્રાહિમ સાથે વાત કરતાં કહ્યું હતું કે તેઓ તેના વંશજને અજાણી ભૂમિમાં લઈ જશે. પછી દેવે ઇબ્રાહિમને કહ્યું, "તું ખચિત જાણ કે, તારો વંશ પરદેશમાં ભટકશે, ને ત્યાનાં લોકોની સેવા કરશે; અને ચારસો વર્ષ લગી તેઓને દુ:ખ દેવામાં આવશે. અને જે લોકોની સેવા તેઓ કરશે તેઓનો ન્યાય પણ હું કરીશ; અને ત્યાર પછી તેઓ ઘણી સંપતિ લઈને નીકળશે" (ઉત્પતિ 15:13-14). યુસફે ઈશ્વરદત્ત કુશળતા અને વ્યાવસાયિક કારકિર્દીનો ઉપયોગ એક વાહન તરીકે કર્યો કે જેથી તે પ્રબોધકની વાણીની પરિપૂર્ણતા કરી શકે.

આપણાંમાના ઘણા સમાજ, શહેર કે દેશો માટેની પ્રબોધવાણી વિષે અજાણ છીએ. ઈશ્વર પાસે "કૈરો" (કૈરો શબ્દનો ઉપયોગ વિશેષ પ્રકારની ઘટનાઓ, તકો, બનાવો અને બદલાણો માટે થાય છે) અંગેની ક્ષણો અને દિવ્ય પ્રવેશ દ્વારો છે કે જ્યાં સમાજ, શહેર, અને દેશ માટે તકના દ્વારો ખુલ્લાં છે. ઈશ્વર "યુસફો" ને શોધે છે કે જેમને સન્માન આપે, તેમની વ્યાવસાયિક કુશળતાઓનો ઉપયોગ કરીને સમાજ, શહેર, અને દેશ માટેની પોતાની પ્રબોધવાણીને પરિપૂર્ણ કરી શકે.

## દાઉદ, દાનિયેલ અને પાઉલ

### દુન્યવી અને દૈવી બાબતોનો સુમેળ

દાઉદ એક ગીતકાર, પ્રબોધક અને રાજા હતો. દાનિયેલ એ માત્ર પ્રબોધક જ નહીં પણ વડાપ્રધાન હતો કે જે રાજાનો કારભાર સંભાળતો  હતો. પાઉલ વિષે વિચારો. આપણે તેને એક મહાન ઉપદેશક તરીકે ઓળખીએ છીએ કે જેણે મોટાભાગનો નવો કરાર લખ્યો છે. પૂરતા પૂરાવા છે કે જે ત્રણ શહેરો – એફેસસ, કરીન્થ અને થેસાલોનિકા- માં તે ગયો ત્યાં તેણે પોતાની અને પોતાની ટીમના સભ્યોની જરૂરિયાતો પૂરી કરવા કાર્ય કર્યું. તેણે પોતાના હાથે કામ કર્યું અને પોતાની જરૂરિયાતો પૂરી કરી અને જેઓને સુવાર્તા આપવા ગયો હતો તેઓ માટે બોજરૂપ બન્યો નહીં.

દાઉદ, દાનિયેલ અને પાઉલ – ત્રણેમાં આપણે દુન્યવી અને આત્મિક બાબતોનો સુમેળ અને સમન્વય જોઈએ છીએ. આપણે એ તાત્પર્ય પર આવવું પડશે કે કામ એ દુન્યવી બાબત છે અને દેવ સાથે ચાલવું એ આત્મિક બાબત છે જેને કામ સાથે કોઈ લેવાદેવા નથી કહીને અલગ કરી

શકીએ નહીં. તમારા કાર્યને દેવની સાથે ચાલવાની પ્રક્રિયા તરીકે જોવાનું રાખો. તમારા જીવન માટે એ દેવની યોજનાનો ભાગ છે. દાઉદ, દાનિયેલ અને પાઉલ – ત્રણેએ કાર્ય કર્યું પણ તેઓની અભિષિકતાને કોઈ આંચ આવવા દીધી નહીં! તમારું કાર્ય “આત્મિક” છે કેમ કે દેવ પણ કાર્ય કરે છે.

# 4. વિશ્વાસીઓને કાર્ય અંગે આદેશ આપવામાં આવ્યો છે

નવા કરારમાં, પ્રભુ ઇસુ ખ્રિસ્તે વિશ્વાસીઓને સમગ્ર દુનિયામાં જઈને સુવાર્તા પ્રગટ કરવા માટે મહાન આદેશ આપ્યો. નવા કરારની મંડળીએ આ આદેશના સંદર્ભમાં એવો અભિગમ અપનાવ્યો હોત કે દરેક વિશ્વાસી વ્યક્તિએ "દુન્યવી" કાર્ય છોડી દઈને માત્ર સુવાર્તા પ્રચાર કરવાનું જ કાર્ય કરવાનું. પરંતુ, પાઉલ વિશ્વાસીઓને જે કાર્ય કરવાનું કહે છે તેની નોંધ લેવી ખૂબ જ રસપ્રદ છે.

## તમારા પોતાનાં હાથોથી કામ કરો

**એફેસી 4:28**
**ચોરી કરનારે હવેથી ચોરી ન કરવી; પણ તેને બદલે પોતાને હાથે ઉદ્યોગ કરીને સુકૃત્યો કરવા, જેથી જેને જરૂર છે તેને આપવાને પોતાની પાસે કંઈ હોય.**

ચોરી કરનારે હવેથી ચોરી કરવી નહીં પણ પોતાને હાથે કામ કામ કરવું. તેણે પોતાને હાથે કામ કરવું, જે સારું કૃત્ય છે તે કરવું, જેથી તેની પોતાની જરૂરિયાતો માટે પુરતુ હોય અને બીજાઓને પણ આપી શકે. અત્રે પાઉલ વિશ્વાસીઓને પોતાના હાથથી કામ કરવાની કિંમત અને મહત્વ સમજાવે છે. પાઉલ એ સૂચના પણ આપે છે કે જે યોગ્ય અને સારું છે તે કામ કરવું. એનો અર્થ એ થાય છે કે વિશ્વાસીઓએ અપ્રામાણિક અને ભૂંડા કામ કરવા જોઈએ નહીં.

## કાર્ય કરો કે જેથી કશાની ખોટ પડે નહીં

**1 લો થેસ્સાલોનીકી 4:11-12**
**11 અને જેમ અમે તમને આજ્ઞા આપી તેમ શાંત રહેવાને, પોતપોતાના જ કામ કરવાને અને પોતાને હાથે ઉદ્યોગ કરવાને યત્ન કરો;**
**12 જેથી બહારનાઓની સાથે તમે સભ્યતાથી વર્તો અને એમ તમને કશાની અગત્ય રહેશે નહીં.**

પાઉલ વિશ્વાસીઓને પોતાના હાથે કાર્ય કરવા કહે છે કે જેથી જેઓ વિશ્વાસમાં આવ્યા નથી તેઓને અયોગ્ય વર્તન અંગેના આક્ષેપ કરવાની તક મળે નહીં. એ પણ નોંધવું જોઈએ કે આપણાં પોતાના હાથે કાર્ય કરવાને કારણે આપણી જરૂરીયાતો પૂરી થઈ શકે છે અને કશાની ખોટ પડતી નથી. કેટલાક લોકો ઘરે જ બેસી રહે છે અને તેઓની જરૂરીયાતો ઈશ્વર દ્વારા પૂરી

પાડવામાં આવે તેવું ઈચ્છે છે. એ સત્ય છે કે દેવે આપણને ખાતરી આપી છે કે તેઓ તેમના મહિમાની સંપત પ્રમાણે આપણી પ્રત્યેક જરૂરિયાત પૂરી પાડશે(ફિલિપિ 4:19). પરંતુ એ પણ એટલું જ સત્ય છે કે દેવે પોતાના વચનોમાં આપણને કામ કરવા અંગે કીધું છે. આ રીતે આપણને સંકેત આપવામાં આવે છે કે આપણાં કાર્યનો દેવ એક ચેનલ તરીકે ઉપયોગ કરીને આપણી જરૂરીયાતો પૂરી પાડનાર છે. દેવ આપણાં કાર્યની ચેનલ દ્વારા આપણી જરૂરિયાતો પૂરી પાડે છે તે બાબત કાગડા દ્વારા નાણાં પૂરા પાડવા જેટલું જ અલૌકિક છે! તે નારી આંખે જોઈ શકાતું નથી, પણ અલૌકિક છે, કારણ કે તે એ જ દેવ છે જે પૂરું પાડે છે. યાદ રાખીએ કે એ માત્ર દેવની કૃપા અને દિવ્ય વ્યવસ્થા છે જે આપણી નોકરીને સલામત રાખે છે, ચાલુ રાખે છે, મહેનતાણું આપે છે અને આપણી સમગ્ર વ્યાવસાયિક કારકિર્દી દરમ્યાન આપણને વૃદ્ધિ પમાડે છે.

કેટલાક લોકો દેવ પાસે પોતાની જરૂરિયાતો પૂરી કરવામાં આવે તેવી અલૌકિક અપેક્ષા રાખે છે જેમ કે સામે ચાલીને કોઈ આવશે અને તેમના હાથમાં નાણાં મૂકશે અથવા અચાનક કોઈ ચેક તેમના બેન્ક ખાતામાં જમા થઈ જશે. જ્યારે આ પ્રમાણે બનતું નથી ત્યારે તેઓને નવાઈ લાગે છે કે ઈશ્વર શા માટે પૂરું પાડતાં નથી. અલબત્ત દેવ તો રાહ જોતાં હોય છે આવી અપેક્ષા રાખનાર લોકો કોઈ કાર્યની ચેનલ કે માધ્યમમા જોડાઈ કે જેથી તેઓની જરૂરિયાત પૂરી પાડવામાં આવે. કેટલાક કિસ્સામાં, દેવ ઈચ્છે છે કે તેઓ કોઈ નોકરી સ્વીકારે અને થોડો સમય તેમાં કામ કરે. આ કાર્ય કે નોકરી દેવ દ્વારા જરૂરીયાતો પૂરી પાડવાની ચેનલ હોય શકે છે.

## જો તમે કામ નથી કરતાં, તો તમારે ખાવું નહીં!

**2 જો થેસ્સાલોનીકી 3:7-12**

**7 કેમ કે કેવી રીતે અમારું અનુકરણ કરવું તે તમે પોતે જાણો છો; કેમ કે અમે તમારી સાથે [રહીને] અયોગ્ય રીતે વર્ત્યા નહોતા;**

**8 અમે કોઈ માણસનું અન્ન મફત ખાધું નહોતું; પણ તમારામાના કોઈને બોજારૂપ ન થઈએ માટે અને રાતદિવસ મહેનત તથા કષ્ટથી ઉધ્યોગ કરતાં હતા;**

**9 અમને અધિકાર નહોતો, એટલા માટે નહીં, પણ તમે અમારું અનુકરણ કરો માટે અમે તમને નમૂનો આપ્યો હતો.**

**10 કેમ કે અમે તમારી પાસે હતા ત્યારે પણ અમે [તમને] એવી આજ્ઞા કરી હતી કે, જો કોઈ માણસ કામ ન કરે, તો તેને ખવડાવવું પણ નહીં.**

**11 કેમ કે તમારામાના કેટલાએક સ્વચ્છંદીપણે ચાલે છે, તેઓ કઈ ઉધ્યોગ કરતાં નથી, પણ ધાલમેલ કરે છે,**

**એવું અમારા સાંભળવામાં આવે છે.**
**12 હવે એવા માણસોને આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તને મને આજ્ઞા કરીએ છીએ તથા સલાહ આપીએ છીએ કે, તેઓ શાંતિથી ઉધ્યોગ કરીને પોતાનું રળેલું ખાય.**

નવા કરારમાં આપણને આદેશ આપવામાં આવ્યો છે આળસુ બનીને બેસી રહેવા અને કશું નહીં કરવાને બદલે કામ કરીને પોતાનો ખોરાક જાતે કમાઈને ખાવો. કાર્ય કરવું એ નવા કરારનો વિશ્વાસીઓને આદેશ છે.

## તમારા કુટુંબની જરૂરીયાતો પૂરી પાડવી

1 લો તિમોથી 5:8
**પણ જે માણસ પોતાની ને વિષેશે કરીને પોતાના કુટુંબની સંભાળ રાખતો નથી, તેણે વિશ્વાસનો ત્યાગ કર્યો છે, તેમ સમજવું; તે તો અવિશ્વાસી કરતાં પણ ભૂંડો છે.**

જેઓ પૂર્ણ સમયની સેવાને માટે તેડાયેલા છે તેઓને હું પડકાર આપવા માંગુ છું. સેવક, કેટલીક બાબતો એવી છે જે તમારે મગજમાં રાખવાની જરૂર છે; દેવે તમને તેના વચનો થકી કેટલીક જવાબદારીઓ આપી છે જે તમારે નિભાવવાની છે. તે પૈકી એક જવાબદારી તમારા કુટુંબનું ભરણપોષણ કરવા અંગેની છે. દેવના ઘણા બધા સેવક સેવિકાઓ પોતાની નોકરી કે કામ છોડીને વિશ્વાસથી જીવવાનો દાવો કરે છે. વિશ્વાસથી જીવવાનો અર્થ એ નથી થતો કે નોકરી કે કામ છોડી દેવું. નોકરી કે કામ ટકાવી રાખવા માટે વિશ્વાસની જરૂર છે. ક્યારેક લોકો નોકરી કે કામ છોડીને પૂર્ણ સમયની સેવામાં જોડાય છે અને પછી પોતાના કુટુંબના ભરણપોષણ માટે સંઘર્ષ કરે છે. હું કોઈ એવા ચોક્કસ સમયગાળાની વાત નથી કરતો કે જ્યાં આપણે બધા મૂશ્કેલી અનુભવીએ છીએ. અલબત્ત, પૂર્ણ સમયની સેવામાં હોવાને કારણે, દિવસોના દિવસો કે મહિનાઓ સુધી, જો તમે તમારી અને તમારા કુટુંબની મૂળભૂત જરૂરિયાતોને પૂરી કરી શકતા નથી તો તમારે કોઈ નોકરી કે કાર્ય શોધી લેવું જોઈએ અને તમારી સેવા પગભર અને સ્થિર થાય ત્યાં સુધી તે કરવું જોઈએ. તેથી પૂર્ણ સમયની સેવામાં જોડતા પહેલા એ સુનિશ્ચિત કરી લેવું જોઈએ કે તમારી અને તમારા કુટુંબની નાણાકીય જરૂરીયાતો પૂરી કરવા તમે સક્ષમ છો. જ્યાં સુધી તમે તમારી પત્ની અને બાળકોની જરૂરીયાતો પૂરી કરવા માટે સક્ષમ નથી ત્યાં સુધી તમારે લગ્ન કરવા જોઈએ નહીં. દેવની એવી ઈચ્છા છે કે તમે તમારા કુટુંબ પ્રત્યે જવાબદાર બનો.

## મારી સાક્ષી

બેંગલોર ખાતેના મારા શાળા સમયના વર્ષો દરમ્યાન, હું ખ્રિસ્તની સેવા માટે ખૂબ જ ઉત્સાહિત હતો. હું પ્રાર્થના કરતો કે દસમું ધોરણ પાસ કરીને તરત જ હું પૂર્ણ સમયની સેવામાં જોડાઈ જઈશ. દસમું ધોરણ પાસ કર્યા પછી મે મારા માતપિતાને મૂશ્કેલીમાં મૂકી દીધા અને આગ્રહ કર્યો કે મારે આગળ ભણવું નથી પણ બાઇબલ કોલેજમાં જોડાવું છે. જેથી મેં બાઇબલ કોલેજ શોધવાનું શરૂ કર્યું અને પૂના ખાતે આવેલી બાઇબલ કોલેજમાં પ્રવેશ માટે અરજી કરી. બાઇબલ કોલેજમાથી જવાબ મળ્યો કે પ્રવેશ માટે મારી ઉંમર નાની છે અને બારમું ધોરણ પાસ હોય તો જ પ્રવેશ મળે. બાઇબલ કોલેજના પત્રએ મને નિરાશ કરી દીધો. જો કે માત્ર બે વર્ષની જ વાત હતી તેથી મેં નક્કી કર્યું કે બારમા ધોરણ પછી હું બાઇબલ કોલેજમાં પ્રવેશ માટે પ્રયત્ન કરીશ અને આગળના અભ્યાસ માટે શાળામાં પ્રવેશ મેળવી લીધો.

અલબત્ત, આ બે વર્ષો દરમ્યાન મારા જીવનમાં કેટલીક બાબતો બની. હું બેંગલોરમાં એક ચર્ચમા ભાગ લેતો હતો જ્યાં મેં એક બાબતની નોંધ લીધી. ત્યાં મેં લોકોના બે સમૂહોને જોયા- એક જૂથના લોકો દરેક રીતે મંડળીમાં સક્રિય રીતે ભાગ લઈને સેવા કરતાં હતા જ્યારે બીજા જૂથના લોકો, જે મોટી સંખ્યામાં હતા, તેઓ મંડળીમાં ભાગ લેતા હતા પણ બીજું કઈ કરતાં ન હતા. બીજા જૂથમાં મોટે ભાગે વિદ્યાર્થીઓએ અને વ્યવસાયિકો હતા કે જેઓ સેવામાં નિષ્ક્રિય હોવા અંગે બહાના કાઢતા કેમ કે તેઓ માનતા હતા કે તેઓના કાર્યને લીધે તેઓ ખૂબ જ વ્યસ્ત રહેતા! મને આશ્ચર્ય થતું કે શા માટે તેઓ મંડળીની સેવાકીય પ્રવૃતિઓમાં સામેલ થતાં ન હતા. આ એ સમય હતો કે કે જ્યારે મારા હ્રદયમાં સંકલ્પ દ્રઢ થવા લાગ્યો હતો. હું દ્રઢ નિશ્ચયી થવા લાગ્યો કે મારા જીવન દ્વારા લોકોને એ બતાવવું જોઈએ કે કોઈ વ્યક્તિને પોતાની કારકિર્દી, નોકરી, "સામાન્ય જીવન" બધુ જ હોવા છત્તા તે દેવની સેવા કરી શકે છે. જેથી બારમા ધોરણનો અભ્યાસ પૂરો કર્યો ત્યાં સુધીમાં તો મારો બાઇબલ કોલેજમાં જવાનો ઉત્સાહ જાણે કે ઠંડો પાડવા લાગ્યો અને જીવનમાં કઈંક જુદા પ્રકારનો હેતુ ઉભરવા લાગ્યો.

આ સમય દરમ્યાન, દેવે મારા હ્રદયમાં નિશ્ચય મૂક્યો કે મારે બેંગલોર શહેરમાં એક મજબૂત મંડળીનું નિર્માણ કરવું કે જેના દ્વારા સમગ્ર ભારત દેશને જીતી શકાય અને અન્ય દેશોને સેવા માટે પ્રભાવિત કરી શકાય. આમ મેં બારમા ધોરણનો આભ્યાસ પૂરો કર્યો અને મારા માતપિતાએ મને મનીપાલ ખાતે ઈજનેરી કોલેજમાં અભ્યાસ માટે મોકલી આપ્યો. તે દરમ્યાન મારો અભ્યાસ મને ક્યારેય બોજરૂપ કે અડચણરૂપ ન લાગ્યો અને મને સમજણ આવવા લાગી કે મારો અભ્યાસ એ ઈશ્વરની દિવ્ય વ્યૂહરચનાનો એક ભાગ છે. એવું એટલા માટે થયું

કે મારો અભ્યાસ ચાલુ રહેવાને કારણે મને અનુભવ થયો કે હું દેવના રાજ્યને માટે ઘણા બધા લોકોના સંપર્કમાં આવી શક્યો.

મનીપાલ યુનિવર્સિટીના કેમ્પસમાં, હું ભારતભરના અને અન્ય દેશોના અસંખ્ય વિધ્યાર્થીઓના સંપર્કમાં આવી શક્યો. મને ખાતરી છે કે મનીપાલ યુનિવર્સિટીના કેમ્પસમાં અભ્યાસ કરવા પાછળ એક આત્મિક હેતુ હતો.

ત્યાં જ મારા હ્રદયે દેવની સેવા કરવા અને આત્માઓ જીતવા માટે નિર્ણય કર્યો. ઈજનેરી કોલેજના ત્રીજા વર્ષના અભ્યાસ દરમ્યાન, 1989 ના જાન્યુઆરીમાં, દેવે વિધ્યાર્થી સંગતની સ્થાપના કરવાના મારા પ્રયત્નોમાં મને મદદ કરી જે પાછળથી સ્થાનિક મંડળીમાં તબદીલ થયું જે હાલમાં પણ કાર્યરત છે. મને મારો અભ્યાસ ક્યારેય બોજારૂપ, અનિવાર્ય દૂષણ કે બંધન લાગ્યા નથી. મને મારો અભ્યાસકાળ એક વાહન, દેવની દિવ્ય વ્યૂહરચના અને ભાવિ સેવા માટેની તૈયારીની પ્રક્રિયા સમાન જ લાગ્યો છે. ઈજનેરી કોલેજનો મારો સ્નાતક કક્ષાનો અભ્યાસ પૂરો કર્યા પછી, મેં મારો આગળનો અભ્યાસ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો. અમેરિકા ખાતે ઉચ્ચ અભ્યાસ માટે જવા મારા માતપિતાએ મને મદદ કરી. અમેરીકામાં ક્લીવલેન્ડ, ઓહાયો ખાતેની જે કોલેજમાં મેં ઈજનેરી વિભાગમાં પ્રવેશ લીધો હતો તે અમેરિકાની પ્રથમ ત્રણ કોલેજો પૈકી એક હતી. ઈશ્વરની કૃપાથી બીજા સેમેસ્ટરમાં મને ત્રીજા ભાગની અને ત્રીજા સેમેસ્ટરથી સમગ્ર અભ્યાસ દરમ્યાન મને પૂરેપૂરી શિષ્યવૃતિ મળી.

યુનિવર્સિટીમાં અભ્યાસ અને સંશોધન દરમ્યાન, હું વિધ્યાર્થીઓની એક નાની આંતરરાષ્ટ્રીય સંગત શરૂ કરી શક્યો કે જેમાં ભારત, ઇન્ડોનેશિયા અને મલેશિયાના વિધ્યાર્થીઓ હતા. પછીથી, હું ન્યુ જર્સી ખાતે ગયો જ્યાં હું કોરિયન ક્રિશ્ચયન ફેલોશિપમાં જોડાયો કે જેમાં 200 કરતાં વધુ વિધ્યાર્થીઓ હતા. કોરિયન વિધ્યાર્થીઓ જે ભક્તિભાવથી પ્રાર્થના કરતાં હતા તે જોવું ખૂબ જ આહલાદક હતું.

આ સમય દરન્યાન, મેં મારી કોલેજ કેમ્પસની બાજુમાં જ એક આફ્રિકન-અમેરિકન મંડળીમાં નિયમિત સેવા આપી. આ મંડળીમાં લગભગ એક વર્ષ સુધી દર બુધવારે રાત્રે શિક્ષણ અને રવિવારની અને તંબુ ભક્તિસભાઓમાં મેં વચનની પણ સેવાઓ આપી.

મારી પત્ની, એમી, સાથે લગ્ન થયા પછી તે પણ મારી સાથે ભારતથી અમેરિકા આવી અને મેં કોલેજ કેમ્પસ છોડીને સૉફ્ટવેર વ્યાવસાયિક તરીકે નોકરી શરૂ કરી. આ સમય દરમ્યાન,

મેં અને એમીએ બીજા એક હિસ્પેનિક યુગલની સાથે મળીને ન્યુ જર્સીના બ્રન્સવીક ખાતે હિસ્પેનિક મંડળીની સ્થાપના કરી. તદ્દન વિભિન્ન પાશ્ચાદ ભૂમિકાઓ ધરાવતા અને વિપરીત સંસ્કૃતિના લોકો સાથે કામ કરવાનો એ એક અદ્દભૂત અને આનંદદાયક અનુભવ હતો. ભાવિ સેવાને માટે આ એક જાણે કે તાલીમનું મેદાન હતું. આ એટલા માટે શક્ય બન્યું હતું કેમ કે હું મારા ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા ગયો.

1998માં અમે ન્યુ જર્સીથી શિકાગો શહેરમાં રહેવા માટે ગયા. 1999માં ભારતની એક સેવાકીય મુસાફરી દરમ્યાન, મને અનુભવ થયો કે અમારે હવે ભારત ખાતે સ્થાયી થવાનો અને અમારા હ્રદયમાં ભારત માટે જે દર્શન છે તેને આગળ ધપાવવાનો સમય થઈ ગયો છે. જેથી અમે ભારતના બેંગલોર ખાતે સ્થાયી થવા માટે જાન્યુઆરી 2001નો સમય નક્કી કર્યો. અમે જ્યારે શિકાગોથી બેંગલોર જવા માટેની તૈયારી શરૂ કરી, અમારી મુખ્ય ચિંતા એ હતી કે ભારતમાં સેવા કરવા માટે સંસાધનો કેવી રીતે પ્રાપ્ત કરવા. અમે શિકાગોની ખૂબ નાની મંડળીનો હિસ્સો હતા. અમારૂ સેવા અંગેનું જે વિશાળ દર્શન હતું તેની નાણાકીય જરૂરિયાતો પૂરી કરવા તે મંડળી સક્ષમ નહોતી. જેમ જેમ મે પ્રભુની ઈચ્છા શોધવાની કોશિશ કરી તેમ તેમ મારા હ્રદયમાં સ્પષ્ટ થતું ગયું કે ઈશ્વર એવું ઈચ્છે છે કે ભારત પરત ફર્યા પછી પણ મારે મારો સૉફ્ટવેર વ્યવસાય ચાલુ જ રાખવો. ઈશ્વર તાફથી મને કોઈ ચોક્કસ દિશા નિર્દેશ મળ્યા નહોતા કે મારે મારી વ્યાવસાયિક કારકિર્દીને છોડી દેવી. વર્ષો વિતતા, ખાસ કરીને અમેરિકા ખાતેના પાછલા વર્ષોમાં મને એવી તીવ્ર ઈચ્છા થઈ કે મારે ખ્રિસ્તી સિદ્ધાંતો પર આધારિત એક સૉફ્ટવેર કંપની સ્થાપવી જોઈએ કે જેની આવકનો ઉપયોગ ઈશ્વરના રાજ્યની વૃદ્ધિ માટે થઈ શકે. લાંબા સમય સુધી આ ઈચ્છા મારા હ્રદયમાં વૃદ્ધિ પામતી ગઈ, પરંતુ મને ખબર નહોતી કે ક્યારે અને કેવી રીતે આ કાર્ય શરૂ કરવું.

આખરે, અમારે ભારત જવાનો સમય આવી ગયો. 2000ના ડિસેમ્બર મહિનામાં, એક મહાન અને વિશાળ દર્શન સાથે અમે અમેરિકા છોડ્યું પણ અમને ખબર નહોતી કે જે સેવા અમે કરવા જઈ રહ્યા છીએ તે માટે ભરપૂર નાણાં ક્યાથી આવશે. અમેરિકા ખાતેના અમારા સાથી મિત્રો અમારી સેવાને નાણાકીય મદદ કરતાં હતા, પરંતુ અમારા વિશાળ દર્શન અને જરૂરિયાતો માટે તેમની મદદ પૂરતી નહોતી.

અમે બેંગલોર ખાતે પહોંચ્યા પછી, ઈશ્વરે અમને 2001ના જાન્યુઆરી માહિનામાં સૉફ્ટવેર સર્વિસ કંપની શરૂ કરવા માટે મદદ કરી. 2001ના ફેબ્રુઆરી મહિનામાં એક નાનકડી શરૂઆત રૂપે અમે મારા પિતાજીના ઘરમાં જ મંડળી સ્થાપી. સૉફ્ટવેર સર્વિસ કંપનીના દશાંશમાથી

મંડળીની જરૂરિયાતો પ્રાપ્ત થવા લાગી અને આ નાણાં દ્વારા ઘણું બધુ કાર્ય કરવા લાગ્યા, અમે એક ભાડાની જગ્યા લીધી, જરૂરી સાધનો ખરીધ્યા, પુસ્તકો છાપ્યા, અને તેનું મફત વિતરણ કર્યું, કેબલ ટીવી પર પ્રસારણ શરૂ કર્યું, અને અન્ય સેવા સંસ્થાઓને મદદ પણ કરવા લાગ્યા. અમારું દર્શન મોટું હતું, પરંતુ નાણાને અભાવે અમારા હાથ બંધાયેલા ન હતા. નવી નવી સેવાઓ શરૂ કરવા માટે અમારી પાસે પૂરતા પ્રમાણમાં અને તેથી વધુ માત્રામાં સંસાધનો હતા.

ભૂતકાળ તરફ દ્રષ્ટિ કરતાં, હું કહી શકું છું કે મારા અભ્યાસ અને વ્યવસાય થકી ઈશ્વરે મને સેવાને માટે તૈયાર કર્યો. દેવનું કાર્ય કરવા માટેની તકો મારા અભ્યાસ અને વ્યવસાય સાથે ખૂબ જ ઘનિષ્ઠ રીતે એકીકૃત હતી. હું પૂરી રીતે સહમત છું કે કાર્ય એ દેવની ઈચ્છા અને હેતુઓને પરિપૂર્ણ કરવા માટેનું વાહન છે, દેવની દિવ્ય વ્યૂહરચના કે યોજના છે.

ઈશ્વર તમને જે કાર્ય કરવા માટે કહે છે તે તમે કરો છો ત્યારે તમારું કાર્ય તમને અડચરૂપ, બોજરૂપ કે અનિવાર્ય દૂષણ સમાન લાગતું નથી. જ્યારે કોઈ કાર્ય કરવા માટે ઈશ્વર તમને તેડું આપે છે ત્યારે તે કાર્યને ક્યારેય અડચરૂપ, બોજરૂપ કે અનિવાર્ય દૂષણ સમાન ગણશો નહીં. પૃથ્વી પર દેવના હેતુઓની પરિપૂર્ણતા માટે તેને એક વ્યૂહરચના કે યોજના તરીકે જોવાનું શરૂ કરો.

# 5. સાત યોગ્ય અભિગમો

**એફેસી 6:5-10**
**5 દાસો, જેમ ખ્રિસ્તને [આધીન થાઓ છો] તેમ દેહ પ્રમાણે જેઓ તમારા ધણીઓ છે તેઓને બીકથી તથા કંપારીસહિત નિખાલસ હ્રદયથી આધીન થાઓ;**
**6 માણસોને પ્રસન્ન કરનારાઓની પેઠે દેખરેખ હોય ત્યાં સુધી જ ચકરી કરનારાની રીતે નહીં, પણ ખ્રિસ્તના દાસોની પેઠે, જીવથી દેવની ઈચ્છા પૂરી કરો;**
**7 માણસોની ચકરી નહીં, પણ જાણે તે પ્રભુની હોય તેમ સમજીને ખુશીથી કરો;**
**8 જી કોઇ કઈ સારું કરશે, તે દાસ હોય કે સ્વતંત્ર હોય, પણ પ્રભુ તેને તે જ પ્રમાણે બદલો આપશે એમ સમજો.**
**9 વળી, ધણીઓ, તમે તેઓની સાથે એમ જ વર્તો, ધમકી [આપવાનું] છોડી દો; અને આકાશમાં તેઓનો તેમ જ તમારો પણ [એક જ] ધણી છે, અને તેની પાસે પક્ષપાત નથી [એમ જાણો].**
**10 છેવટે, [હું કહું છું], પ્રભુમાં તથા તેના સામર્થ્યના બળમાં શક્તિમાન થાઓ.**

**કલોસ્સી 3:22-25**
**22 દાસો, તમે માણસોને ખુશ કરનારાઓની પેઠે નહીં, અને દેખરેખ હોય ત્યાં સુધી નહીં, પણ ખરા ભાવથી, અને પ્રભુથી ડરીને, પૃથ્વી પરના તમારા ધણીઓની સર્વ વાતે આજ્ઞાઓ પાળો.**
**23 માણસોને સારું નહીં પણ જાણે પ્રભુને સારું છે, એમ સમજીને જે કઈ તમે કરો, તે સઘળું ખરા દિલથી કરો.**
**24 કેમ કે તમે જાણો છો કે પ્રભુ પાસેથી તમને વારસાનો બદલો મળશે; તમે તો પ્રભુ ખ્રિસ્તની સેવા કરો છો.**
**25 જે ભૂંડું કરે છે તેને તેની ભૂંડાઈનું ફળ મળશે; અને [પ્રભુને ત્યાં] પક્ષપાત નથી.**

ઉપર દર્શાવેલ શાસ્ત્રના બે વિભિન્ન ભાગો સૂચના તરીકે એકસમાન રીતે સૂચક છે. આપણાં આ સમયમાં માલિક અને ચાકરની વ્યવસ્થા નથી. અલબત્ત આપણે માલિકને “નોકરી આપનાર” અને ચાકરને “નોકરી કરનાર” એ રીતે સમજીશું તો આપણે હાલની વ્યવસ્થા મુજબ સુસંગત રહેશે.

## પાઉલ કાર્ય અંગે સાત અભિગમો રજૂ કરે છે

પાઉલ આપણને જણાવે છે કે નોકરી કરનારે નોકરી અપનારની આજ્ઞાનુ પાલન કરવાનું છે. એનો અર્થ એ થાય કે આપણે કાર્ય સ્થળે જે નીતિનિયમો છે તેને અનુસરવા માટે બંધાયેલા છીએ.
તેથી આપણાં નોકરીદાતા તરફે આપણને માન અને મરતબો (ભય અને કંપારી) હોવા જોઈએ. કાર્યસ્થળે જેઓ આપણાં અધિકારી કે ઉપરી છે તેઓની વિરુદ્ધ બળવો કરવો કે એવું માનવું કે તેઓ કરતાં આપણે વધુ કાબેલ છીએ તેને બદલે તેઓને માટે આપણે માન અને મરતબો રાખવા જોઈએ.

પાઉલ હેતોની શુદ્ધતા વિષે, "ખરા હૃદયથી" કે "ખરા ભાવથી" વિષે વાત કરે છે. તમારા કાર્ય પ્રતિ પ્રમાણિક બનો. "પ્રમાણિક" કે "ખરા ભાવથી" શબ્દો ગ્રીક ભાષાના શબ્દ પરથી આવે છે જેનો અર્થ પણ "ઢાંકપિછોડા વગર" કે "સ્વાર્થી" એવો થાય છે. જેનો અર્થ કરી શકાય કે "ઉદરતથી, દયાળુતા, દાનશીલતા, નિખાલસતા",

પાઉલ સંનિષ્ઠા વિષે વાત કરે છે-જ્યારે આપણને કોઈ જોતું નથી ત્યારે ઉત્તરદાયી બનવાનું કહે છે. પાઉલ કહે છે, "દેખરેખ હોય ત્યાં સુધીજ નહીં, માણસોને પ્રસન્ન કરનારાની પેઠે નહીં". આ માટેનું પીઠબળ એ છે કે હકીકતમાં આપણે ખ્રિસ્તના નોકરિયાતો છીએ. એ સમજવું ખૂબ જ મહત્વનુ છે કે પહેલા આપણે ખ્રિસ્તના નોકરિયાતો અને પછી આપણે જે તે કંપની કે સંસ્થાના નોકરિયાતો છીએ. આપણાં કાર્યસ્થળો પર, આપણે ખ્રિસ્તના નોકરિયાતો છીએ. આપણે ખ્રિસ્તને આપણાં કાર્ય દ્વારા રજૂ કરીએ છીએ અને "દેવ આપણને જુએ છે, માણસો આપણને જોતાં નથી" એવી રીતે કાર્ય કરીએ છીએ કેમ કે આપણે દેવને માટે કાર્ય કરીએ છીએ. ખ્રિસ્ત, જે આપણો મુખ્ય નોકરીદાતા છે જે આપણને જુએ છે. ખ્રિસ્ત જુએ છે કે આપણે સમયસર કામ પર જઈ છીએ. ખ્રિસ્ત આપણી નિયમિતતા, આપણી હાજરી, ગેરહાજરી બધુ જ જૂએ છે. આપણે માંદા હોવાનું કારણ જણાવીને અન્ય કામ અર્થે લીધેલી રજા વિષે પણ તે બરોબર જાણે છે. શું આપણે આપણું કાર્ય સાચી રીતે કરીએ છીએ કે સમય વ્યતીત કરીએ છીએ? આપણે જેટલાં "શોર્ટ કટ" લેવાનો પ્રયત્ન કરીએ છીએ એ બધુ જ તે જાણે છે.પ્રભુ એ પણ જૂએ છે કે આપણે કેવા ખોટા નિવેદનો કે જૂઠાં અહેવાલો વિગેરે વિગેરે રજૂ કરીએ છીએ.

પાઉલ કહે છે કે આપણું કાર્ય એ રીતે કરવું જોઈએ કે જાણે આપણે "દેવની ઈચ્છા પ્રમાણે" આપણાં હૃદયથી કરતાં હોઈએ. આપણને જે કઈ કાર્ય સોંપવામાં આવ્યું છે તેને પૂરા હૃદયથી કે ખંતથી કરવું જોઈએ. અડધા હૃદયથી કે અધકચરું કાર્ય કરવું જોઈએ નહીં. જે તમને કહેવામા આવ્યું છે તે પૂરું કરો. તમારી બધી જ કુશળતાથી કાર્ય કરો. જેમ તમે ખ્રિસ્ત માટે કાર્ય કરો છો તે રીતે કરો.

પાઉલ વધુમાં કહે છે કે કાર્યને "સેવાના ભાવથી" કરો. તમારું કાર્ય આનંદથી કરો, બડબડાટ કે કચવાટથી નહીં. મેસેજ બાઈબલમાં આ પ્રમાણે શબ્દો છે: "તમારા ચહેરા પર સ્મિત સાથે કાર્ય કરો, હંમેશા યાદ રાખો કે તમે દેવની સેવા કરો છો પછી ભલે કોઈ પણ વ્યક્તિ કે અધિકારી તમને એ કાર્ય કરવા માટે આદેશ આપતું હોય."

છેલ્લે પાઉલ કહે છે, “બદલા માટે દેવની તરફ જુઓ.” જ્યારે તમે તમારું ઉત્તમ કાર્ય કર્યું છે ત્યારે તેના બદલા માટે તમે સુનિશ્ચિત રહો કેમ કે ખ્રિસ્ત જ તમારો ખરો નોકરીદાતા છે. જ્યારે બદલા માટે તમે ખ્રિસ્ત ભણી જુઓ છો ત્યારે તમે આ જગતના લોકોની જેમ વર્તતા નથી. જગતમાં લોકો કાર્યસ્થળે આગળ વધવા માટે ગતકડાં કરે છે. પણ વિશ્વાસી તરીકે, આપણે શાંત અને સૌમ્યતાથી આપણું ઉત્તમ આપીને કાર્ય કરે જવાનું છે. આકાશોનો દેવ આપણને જરૂર બદલો આપશે. જ્યારે ઈશ્વર આપણને કાર્યસ્થળે બઢતી આપવા માંગે છે, ત્યારે આપણી આડે કોઈ વ્યક્તિ આવી શકતો નથી. અને યાદ રાખો કે આ જગતમાં તમારો બદલો આવવાનો હજી બાકી છે. જ્યારે બીજી તરફ, સ્વર્ગમાં, તમે આવશો ત્યારે તમને સંપૂર્ણ બદલ આપવામાં આવશે!

કદાચ કોલોસી 3:22-25 જે મેસેજ બાઈબલમાં લખવામાં આવ્યું છે તે આ બાબતને વધુ સ્પષ્ટ અને સરળ કરે છે.

**કોલોસી 3:22-25 (મેસેજ બાઇબલ)**

**દાસો, તમારા પૃથ્વી પરના માલિકો કહે તે પ્રમાણે કરો. અને તમે તમને સહેલું લાગે તેવું ઓછું કાર્ય ન કરો. તમારા ખરા માલિક, ઈશ્વર, માટે કાર્ય કરો છો તે પ્રમાણે પૂરા હૃદયથી કરો, જ્યારે તમે વારસામાં પ્રવેશ કરશો ત્યારે તમને પૂર્ણ બદલો મળશે તે અંગે નિશ્ચિંત રહો. હંમેશા યાદ રાખો કે તમારો ખરો માલિક ખ્રિસ્ત છે કે જેને માટે તમે કાર્ય કાર્ય કરો છો. જે કચકચ કરનાર કામદાર હલકી કક્ષાનું કાર્ય કરે છે તેની પાસેથી હિસાબ માંગવામાં આવશે. ખ્રિસ્તના વિશ્વાસી તરીકે હલકા કાર્યનો ઢાંકપિછોડો થઈ શકતો નથી.**

## પૂર્ણ સમયી સેવકો માટે

એકવાર, બેંગલોરના એક ફાળકે મને પૂછ્યું કે હું મારી ઓફિસમાં કેટલા કલાક કાર્ય કરું છું. મેં કહ્યું કે સામાન્ય રીતે હું સપ્તાહના 40 થી 50 કલાક કાર્ય કરું છું. તેમને નવાઈ લાગી ને કબૂલ કર્યું કે પૂર્ણ સમયી સેવક તરીકે તેઓ ક્યારેક દિવસના ૪ કલાક પણ કાર્ય કરતાં નથી. હું દ્રઢપણે વિશ્વાસ કરું છું કે પૂર્ણ સમયી સેવકોએ-પાળકો, સુવાર્તિકો, અને સેવકોએ- સામાન્ય જગતમાં જે કામકાજના નીતિનિયમો અને સમયની પાબંધી અને શિસ્તપાલન હોય છે તેનું અનુસરણ કરવું જોઈએ. તમારે સેવાને માટે દિવસના કમસેકમ 8 કલાક કાર્ય કરવું જોઈએ! ઉત્તમ કાર્યપ્રણાલી તથા શિસ્તનું પાલન સેવાના કાર્ય માટે પણ થવું જ જોઈએ.

# 6. તમારા કાર્ય અંગે ખાતરી

શાસ્ત્રમાં કાર્ય અંગે ઘણાં બધા ખાતરીદાયક વચનો આપવામાં આવ્યા છે. અગાઉના પ્રકારણોમાં આપણે જોયું છે કે આપણાં કાર્ય માટે દેવ આપણને બદલો આપનાર છે. આ મળનાર બદલાનો એક હિસ્સો આપણે જ્યારે પ્રભુને સ્વર્ગમાં મળીશું ત્યારે મળશે અને એક હિસ્સો આ જગતમાં જ આપણને હાલ જ મળે છે. અહીં કેટલાક ખાતરીદાયક વાનાઓ દર્શાવેલ છે જેની આપણે અપેક્ષા રાખીએ છીએ.

## તમારાં હાથના કાર્યો પર આશીર્વાદ

**પુનર્નિયમ 28:8**
**યહોવા તારી વખારોમાં ને જેમાં તું તારો હાથ ઘાલે છે તે સર્વમાં તને આશીર્વાદ દેશે; અને જે દેશ યહોવા તારો દેવ અને આપે છે તેમાં તે તને આશીર્વાદ દેશે.**

**પુનર્નિયમ 28:12**
**તારા દેશ પર મોસમમાં વરસાદ મોકલવા સારું, અને તારા હાથના સર્વ કામ પર આશીર્વાદ આપવા સારું, યહોવા તારે સારું પોતાનો અખૂટ ભંડાર, એટલે આકાશ ઉઘાડશે; અને તું ઘણી દેશજાતિઓને ઉછીનું આપશે, પણ તું ઉછીનું લેશે નહીં.**

જૂના કરાર મુજબ દેવના લોકોને આ ખાતરીઓ આપવામાં આવેલ છે. જૂના કરારના એ દેવ નવા કરારના પણ દેવ છે. કરાર બદલાયેલ છે, પણ કરારનો કરનાર દેવ, તેમનું હ્રદય, પોતાના લોકોને આશીર્વાદિત કરવાની તેમની ક્ષમતા જરાપણ બદલાયેલ નથી. જેથી જરા સરખો પણ સંદેહ રાખ્યા વગર, આપણે આપણાં હાથના કાર્યો પર ઈશ્વર આપણને આશીર્વાદ આપે તેવી અપેક્ષા રાખી શકીએ છીએ. તમારી નોકરી પર દેવ આશીષ આપે તેવી અપેક્ષા રાખો. દરરોજ જ્યારે તમે તમારાં કાર્યમાં જોડાવા તૈયાર થાઓ છો ત્યારે આશા રાખો કે દેવ તેને આશીર્વાદિત કરે!

## ખાતરી પ્રભુ તરફથી મળે છે

**પુનર્નિયમ 28:13**
**અને યહોવા તને [સર્વનું] શિર બનાવશે, પણ પૂચ્છ નહીં; અને તું ઉપર જ રહેશે, ને તળે રહેશે નહીં: જો યહોવા તારા દેવની આજ્ઞાઓ જે આજે હું તને ફરમાવું છું તેઓને તું લક્ષ દઈને પાળે અથવા અમલમાં આણે,**

**ગીતશાસ્ત્ર 75:6-7**
**6 કેમ કે ઉદયથી કે અસ્તથી કે દક્ષિણથી પણ ઉન્નતિ આવતી નથી.**
**7 પણ ઈશ્વર છે, તે જ ન્યાયાધીશ છે; તે એકને નીચે પાડી નાંખે છે અને બીજાને ઉંચો કરે છે.**

દેવ તમારે વાસ્તે છે. દેવ જ તમારી પદૌન્નતિ માટે જગ્યા તૈયાર કરે છે. દેવ કાર્યસ્થળે તમારી નિખાલસતાને જૂએ છે, અને તેથી દેવ જ તમારી ઉન્નતિને માટે જગ્યા તૈયાર કરશે. તમારે તે માટે કોઈ ઘાલમેલ કરવાની જરૂર નથી, તમારાં સહકર્મચારીના પગ ખેંચવાની જરૂર નથી, કે તમારાં નોકરીદાતાને મસકા મારવાની પણ જરૂર નહતી. નિખાલસતાથી કાર્ય કરે જાઓ, તમારું ઉત્તમ તાલંત રજૂ કરો, અને દેવને તમારી પદૌન્નતિ માટે માર્ગ કરવા દો. મને યાદ છે કે જ્યારે હું શિકાગો ખાતે સૉફ્ટવેર કંપની માટે કાર્ય કરતો હતો ત્યારે, હું ખૂબ હતાશ થઈ ગયો હતો. હું પ્રાર્થના કરતો હતો, "પ્રભુ મને ઉન્નતિ મળે એવું કઈક કરો, કેમ કે મારે કાર્ય જે કરવું છે તે હું પૂરેપુરી રીતે કરી શકતો નથી. મને વિશ્વાસ છે કે હું વધુ જવાબદારી ઉઠાવી શકું તેમ છું અને ઘણા બધ કર્મચારીઓને સંભાળી શકું તેમ છું." દેવના વચનો પ્રમાણે, પદૌન્નતિ દેવ તરફથી હોય છે. અચાનક જ મારા માટેના સંજોગો બદલાઈ ગયા, અને મારા ઉપરી અધિકારીએ મને ટીમ લીડર બનાવ્યો. પદૌન્નતિ દેવ તરફથી પ્રાપ્ત થઈ!

## તમારાં કાર્યના ફળનો આનંદ માણો

**સભાશિક્ષક 3:13**
**વળી દરેક મનુષ્ય ખાય પીએ, ને પોતાની સર્વ મહેનતનુ સુખ ભોગવે એ ઈશ્વરનું વરદાન છે.**

**ગીતશાસ્ત્ર 128:1-2**
**1 જેઓ યહોવાથી ડરે છે અને તેના માર્ગમાં ચાલે છે તે સર્વને ધન્ય છે.**
**2 તું તારે હાથે મહેનત કરીને ખાશે; તું સુખી થશે, અને તારું કલ્યાણ થશે.**

**સભાશિક્ષક 5:18-19**
**18 જુઓ, મનુષ્યને માટે જે સારું ને શોભીતું મેં જોયું છે તે એ છે કે, ઈશ્વરે તને આપેલા આયુષ્યના સર્વ દિવસોમાં ખાવું ને પીવું, અને પૃથ્વી પર જે સઘળી મહેનત તે ઉઠાવે છે તેમાં મોજમઝા માણવી; કેમ કે એ જ તેનો હિસ્સો છે.**
**19 વળી જેને ઈશ્વરે દ્રવ્ય તથા ધન આપ્યું છે, ને તેનો ઉપયોગ કરવાની, પોતાનો હિસ્સો લેવાની તથા પોતાની મહેનતથી આનંદ માણવાની શક્તિ આપી છે, [એવા દરેક માણસે જાણવું જોઈએ કે] એ ઈશ્વરનું દાન છે.**

પોતાના શ્રમનો આનંદ માણવાની ક્ષમતા-પોતાના કાર્યના ફળનો આનંદ માનવો-એ દેવ તરફથી મળેલ આશીર્વાદ કે ભેટ છે. દેવ પર વિશ્વાસ કરો કે ખરેખર તમે તમારાં કાર્યના

ફળનો આનંદ માણી શકો. ઘણા બધાં લોકો સખત મહેનત કરે છે. પરંતુ તેમના શ્રમનો બદલો જાણે કે પવનથી ઊડી જતો હોય તેવું લાગે છે. તેમનું મહેનતાણું જાણે કે કાણી કોથળીમાં નાંખ્યું હોય તેમ નીકળી જાય છે. ઘણાં બધાં લોકો પાસે પુષ્કળ નાણાં છે પણ શાંતિ કે આનંદ નથી. ઘણી બધી સંપતિ કે નાણાં હોવા છતાં, અસંતોષ, કજિયા અને કચવાટ છે. આ બાબત તમારાં માટે ન હોવી જોઈએ. દેવ પર વિશ્વાસ કરો કે તમારાં શ્રમનો આનંદ, ફળ અને ખુશી તમે માણી શકો!

# 7. નવા વિશ્વમાં કાર્ય કરવું

યશાયા 65:17-25
17 જુઓ, હું નવા આકાશ તથા નવી પૃથ્વી ઉત્પન્ન કરનાર છું; અને આગલી બિનાઓનું સ્મરણ કરવામાં આવશે
નહીં.
18 પણ હું જે ઉત્પન્ન કરું છું, તેને લીધે તમે સર્વકાળ આનંદ કરો ને હરખાઓ; કેમ કે હું યરૂશાલેમને આનંદમય
તથા તેના લોકને હર્ષમય ઉત્પન્ન કરું છું.
19 વળી હું યરૂશાલેમથી આનંદ પામીશ, ને મારા લોકથી હરખાઈશ; તેમાં ફરીથી રુદન કે શોકનો સાદ
સાંભળવામાં આવશે નહિ.
20 ત્યાંથી ફરી [થોડા] દિવસોનું ધાવણું બાળક, અથવા જેના દિવસ પૂરા થયા નથી એવો ઘરડો માણસ મળી
આવશે નહિ; કેમ કે જુવાન સો વરસની ઉંમરે મરશે, તથા પાપી સો વરસની વયનો છતાં શાપિત થશે.
21 વળી તેઓ ઘરો બાંધીને તેમાં રહેશે, ને દ્રાક્ષવાડીઓ રોપીને તેમના ફળ ખાશે.
22 તેઓ બાંધશે ને તેમાં બીજો વસશે, એમ નહિ બને; તેઓ રોપશે ને બીજો ખાશે એવું થશે નહિ; કેમ કે ઝાડના
આયુષ્ય જેટલું મારા લોકનું આયુષ્ય થશે, ને મારા પસંદ કરાયેલા પોતાના હાથોના કામોના ફળનો ભોગવટો
લાંબા કાળ સુધી કરશે.
23 તેઓ નકામી મહેનત કરશે નહિ, ને ત્રાસ પામવા સારું પ્રજા ઉત્પન્ન કરશે નહિ; કેમ કે તેઓની પ્રજા સુદ્ધાં
તેઓ યહોવાના આશીર્વાદિતોના સંતાન છે.
24 તેઓ હાંક મારે ત્યાર પહેલાં હું તેઓને ઉત્તર આપીશ; અને તેઓ હજી તો બોલતા હશે, એટલામાં હું તેઓનું
સાંભળીશ.
25 વરુ તથા ઘેટાનુ બચ્ચું સાથે ચરશે, ને બળદની પેઠે કડબ ખાશે; અને ધૂળ સાપનું ભોજન થશે, મારા આખા
પવિત્ર પર્વતમાં તેઓ ઉપદ્રવ કરશે નહિ ને વિનાશ કરશે નહિ, એવું યહોવા કહે છે.

દાનીયેલ 7:13-14,18,21,27
13 રાતના સંદર્શનોમાં હું જોતો હતો, તો જુઓ, આકાશના મેઘો સાથે મનુષ્યપુત્રના જેવો એક [પુરુષ] પેલા
વયોવૃદ્ધ [પુરુષ]ની પાસે આવ્યો, ને તેઓ તેને તેની નજીક લાવ્યા.
14 તેને સત્તા, મહિમા તથા રાજ્ય આપવામાં આવ્યાં ક, જેથી બધાં લોકો, પ્રજાઓ તથા સર્વ ભાષાઓ [બોલનાર
માણસો] તેના તાબેદાર થાય; તેની સત્તા સનાતન તથા અચળ છે, ને તેનું રાજ્ય અવિનાશી છે.
18 પણ પરાત્પરના પવિત્રો રાજ્ય સંપાદન કરશે, ને તે રાજ્ય સદા, હા, સદાસર્વકાળ ભોગવશે.
21 તે વયોવૃદ્ધ [પુરુષ] આવ્યો, ને પરાત્પરના પવિત્રોને ન્યાયાધિકાર આપવામાં આવ્યો; અને એવો વખત
આવ્યો કે પવિત્રોને રાજ્ય પ્રાપ્ત થયું;
27 રાજ્ય તથા સત્તા, ને આખા આકાશ તળેના રાજયોનું મહત્વ પરાત્પરના પવિત્રોની પ્રજાને આપવામાં આવશે;
તેનું રાજ્ય સદા ટકનારું રાજ્ય છે, ને સર્વ રાજ્યો તેની તાબેદારી કરશે તથા તેનો આજ્ઞાને આધીન રહેશે.
પ્રકટીકરણ 2:25-27
25 તો પણ તમારી પાસે જે છે, તેને હું આવું ત્યાં સુધી વળગી રહો.
26 જે જીતે છે અને અંત સુધી મારા કામ ઝાલી રાખે છે, તેને હું વિદેશીઓ પર અધિકાર આપીશ;

**27 તે લોઢાના દંડથી તેઓ પર અધિકાર ચલાવશે, અને કુંભારના વાસણની પેઠે તેઓનાં કકડેકકડા થઈ જશે; હું પણ મારા માતપિતા પાસેથી એમ જ અધિકાર પામ્યો છું;**

સ્વર્ગ અને અનંતજીવન વિષે આપણામાં ઘણાં બધાં વિભિન્ન વિચારો જોવા મળે છે. આપણામાં ઘણાં એવું વિચારીએ છીએ કે અનંતજીવન એ અનંતકાળીક વેકેશન છે જ્યાં આપણે વાદળાઓમાં ફરતા હોઈશું અને સ્વર્ગનાં મહેલમા દૂતો સાથે ઈશ્વરનું ભજન કરતાં હોઈશું! પરંતુ આવનાર નવા જગત અંગે કેવી અપેક્ષા રાખી શકાય તે અંગે બાઇબલ કેટલીક બાબતો પ્રગટ કરે છે. યશાયાના પુસ્તકમાના વચનો દર્શાવે છે કે જ્યારે નવું આકાશ અને નવી પૃથ્વી આવશે ત્યારે, દેવના લોકો હજી ઘરો બાંધતા હશે અને વાડીમાં કામ કરતાં હશે. આપણે ત્યાં કાર્ય કરીશું અને આપણાં હાથના શ્રમનો આનંદ પ્રાપ્ત કરીશું. તેથી નવા જગતમાં પણ આપણે કાર્ય કરતાં હોઈશું!

દાનીયેલના પુસ્તકમાં અને પ્રકટીકરણમાંના વચનો દર્શાવે છે કે દેવના લોકો પૃથ્વી ઉપર ખ્રિસ્તના આધિપત્યને સ્થાપિત અને ચલિત કરવામાં મદદ કરશે. જ્યારે ખ્રિસ્ત આવશે અને પોતાનું રાજ્ય સ્થાપિત કરશે ત્યારે દેવના લોકો તેના આધિપત્યને અને રાજ્યને ચલિત કરવામાં વ્યસ્ત થઈ જશે. તેથી એવું સ્પષ્ટ થાય છે કે આપણે અનંતકાળીક રીતે કાર્ય કરતાં હોઈશું! આ તો દેવની જ યોજના છે અને દેવ દ્વારા અભિષિકત કરવામાં આવ્યું છે કે આપણે કાર્ય (કામ), (શ્રમ) કરીએ. આવો આપણે આપણાં કાર્યને પૃથ્વી પર દેવના હેતુઓ સિદ્ધ કરવાનું વાહન બનવા દઈએ.

## : ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા :

ઓલ પીપલ્સ ચર્ચ પોતાની સ્થાનિક મંડળીની સરહદો વટાવી સમગ્ર ભારતના ખ્રિસ્તી સમુદાયને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, સેવાઓ આપે છે. વિશેષ સેવાઓ જેવી કે, (૧) આગેવાની મજબૂત કરવી, (૨) યુવાનોને સેવા માટે સંપન્ન કરવા, અને (૩) ખ્રિસ્તના શરીર, મંડળીને બાંધવી. વર્ષ દરમ્યાન યુવાનો માટે તાલીમ શિબિરો અને ખ્રિસ્તી આગેવાનો માટે પરિષદોનું આયોજન કરવામાં આવે છે. વધારામાં, વિશ્વાસીઓને વચનમાં અને આત્મામાં મજબૂત કરવાનાં હેતુસર અસંખ્ય પ્રકાશનોનું અંગ્રેજીમાં અને ભારતની અન્ય ભાષાઓમાં મફત વિતરણ કરવામાં આવે છે.

અમે આપને અમારી સેવામાં સહભાગીદર થવા આમંત્રિત કરીએ છીએ. આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન સ્વરૂપે આપી શકો છો. આપના દ્વારા આપવામાં આવેલ નાનામાં નાના દાનની અમે કદર કરીએ છીએ જે અમારી ભારતભરની સેવાઓમાં મદદરૂપ બનશે.

આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન ચેક કે બેન્ક ડ્રાફ્ટ "ઓલ પીપલ ચર્ચ, બેંગ્લોર" ના નામે અમારા કાર્યાલયના સરનામા પર મોકલી શકો છો. આપ આપનો નાણાકીય સહયોગ નીચે દર્શાવેલ બેન્કની વિગત પર સીધા અમારા ખાતામાં જમા પણ કરાવી શકો છો.

Account Name: All Peoples Church

Account Number: 0057213809

IFSC Code: CITI0000004

Bank: Citibank N.A., No. 5, M.G. Road, Bengaluru, Karnataka 560001

વિશેષ નોધ: ઓલ પીપલ ચર્ચ ફક્ત ભારતીય બૅંકના ખાતા દ્વારા નાણાં સ્વીકારી શકે છે. જ્યારે આપ દાન આપો છો ત્યારે, આપ દર્શાવી શકો છો કે તે દાન ઓલ પીપલ ચર્ચની સેવાઓ પૈકી કયા હેતુસર મોકલવામાં આવ્યુ છે. વધુ જાણકારી માટે કૃપા કરી અમારી વેબ સાઇટ apcwo.org/give ની મુલાકાત લેવા નમ્ર અરજ કરીએ છીએ.

વધુમાં, અમોને અને અમારી સેવાઓને તમારી પ્રાર્થના યાદ રાખશો. આભાર અને પ્રભુ તમને આશીર્વાદિત  કરે!

# નિ:શુલ્ક પુસ્તકો

A Church in Revival*
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks*
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change*
Code of Honor
Divine Favor*
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling*
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God*
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife*
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses-Don't Take Them
Open Heavens*
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith *
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus *
The Night Seasons of Life
The Power of Commitment*
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power*
The Wonderful Benefits of speaking in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different*
Who We Are in Christ
Women in the Workplace
Work Its Original Design

ઉપર દર્શાવેલ અમારા પ્રકાશનો અમારી વેબ સાઇટ apcwo.org/publications. પરથી વિનામુલ્યે ડાઉનલોડ થઈ શકે છે. ઘણા પ્રકાશનો અન્ય ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે. આપની જરૂરિયાત મુજબના પ્રકાશનો માટે કૃપા કરી bookrequest@apcwo.org પત્ર દ્વારા મંગાવી શકો છો.

*ફક્ત pdf ફોર્મેટ જ ઉપલબ્ધ

આપ અમારી વેબ સાઇટ apcwo.org/sermons. દ્વારા ઑડિયો/વિડીયો તથા ઉપદેશ નોંધ વગેરે મેળવી શકો છો.

## ઓલ પીપલ્સ ચર્ચ વિષે.......

ઓલ પીપલ્સ ચર્ચ (APC)નું દર્શન છે કે બંગલોર શહેરમાં મીઠું તથા પ્રકાશ અને ભારત અને વિશ્વના દેશો માટે અવાજ બનવું.

ઈશ્વરના વચન સાથે કોઈપણ જાતના સમાધાન કર્યા સિવાય સંપૂર્ણ સ્વરૂપે પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને નિર્દિષ્ટ કરવા APC(ઓલ પીપલ્સ ચર્ચ) સમર્પિત છે. અમે માનીએ છીએ કે સારું સંગીત, સર્જનાત્મક રજૂઆત, વિદ્વાન માફી, સમકાલીન સેવાકીય તકનીકી પધ્ધતિઓ, નવીનત્તમ તકનિક અને અન્ય દ્વારા ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારો અને પવિત્ર આત્માના કૃપાદાનો ક્યારેય પવિત્ર આત્માના સામર્થ્યમાં વચનને પોકારવાની ઈશ્વર દ્વારા સ્થાપિત પધ્ધતિને બદલી શકે નહીં. (૧ કોરીન્થી ૨:૪, ૫; હિબ્રુ ૨:૩,૪). અમારો મુદ્દો ઇસુ છે, અમારી સામગ્રી ઈશ્વરનું વચન છે, અમારી પધ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારું ઝનૂન નાશમાં જતાં લોકો છે, અમારો ધ્યેય ઇસુ સમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકસહિત ભારતમાં અન્ય ઘણા સ્થળોએ ઓલ પીપલ્સ ચર્ચની શાખાઓ આવેલી છે. ઓલ પીપલ ચર્ચની સેવાઓ તથા સ્થળોની માહિતી માટે અમારી વેબ સાઇટ www.apcwo.org/locations સંપર્ક કરી શકો છો અથવા contact@apcwo.org પર પત્ર લખી શકો છો.

# શું તમે જાણો છો દેવ તમને પ્રેમ કરે છે?

૨૦૦૦ વર્ષ પેલા આ જગતમાં પ્રભુ માણસ બનીને આવ્યા, તેઓ સંપૂર્ણ અને નિષ્કલંક જીવન(પાપરહિત) જીવ્યા. ઇસુ પોતે શરીરમાં ઈશ્વર હતા તેથી તેમણે જે કહ્યુ ને કર્યું તે દરેક આપણને પ્રગટ કર્યું છે. જે શબ્દો તે બોલ્યા તે દેવના ખરા શબ્દો હતા. જે કૃત્યો તેમણે કર્યા તે દર્શાવે છે કે ઈશ્વર કાર્યરત છે. ઇસુએ આ જગતમાં ઘણા ચમત્કારો કર્યા, તેમણે માંદાઓને સાજા કર્યા, અને દુ:ખીઓના દુ:ખ મટાડ્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓને સાંભળતા કર્યા. બોબડાઓને બોલતા કર્યા અને લંગડાઓને ચાલતા કર્યા. અનેક રોગીઓને તેઓના રોગોમાથી સાજા કરી છુટકારો આપ્યો.

**આ બધા જ પ્રકારના કાર્યો દ્વારા ઈશ્વર આપણને એ રીતે પ્રગટ થાય છે કે ઈશ્વર ભલા છે અને તેઓ આપણે સાજા, તાજા, તંદુરસ્ત અને આનંદમય જોવા માંગે છે. દેવ લોકોની જરૂરિયાતો પૂરી પાડવા માંગે છે અને પૂરી પાડે છે.**

પ્રશ્ન એ ઉભો થાય છે કે ઈશ્વરે શા માટે માણસ બનીને પૃથ્વી પર આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આ જગતમાં આવ્યા?

જે ઈશ્વરે આપણને બનાવ્યા હતા તે જ ઈશ્વરની વિરુદ્ધમાં અને તેમને સ્વીકાર્ય ન હોય તેવા કાર્યો આપણ સર્વેએ કર્યા અને આપણે સઘળાએ પાપ કર્યા. પાપ તેનું એક કારણ બની ગયું. પાપ આપણી અને ઈશ્વરની વચ્ચે ઓળંગી ન શકાય તેવી દિવાલ બની ગયું. પાપ આપણને ઈશ્વરથી વિખૂટા પાડી દે છે. પાપ આપણને ઈશ્વરને કે જેણે આપણને સૃજયા છે તેમને ઓખળતા અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. તેથી આપણાંમાના ઘણા બધા અન્ય બાબતોથી ખાલી જ્ગ્યા ભરવા માટે પ્રયત્ન કરીએ છીએ. પાપનું બીજું એક પરિણામ છે કે તે આપણને અનંતકાળીક રીતે ઈશ્વરથી અલગ કરે છે. ઈશ્વરની અદાલતમા પાપનો દંડ માત્ર મૃત્યુ છે. મૃત્યુ આપણને સદાને માટે ઈશ્વરથી અલગ કરે છે નર્કમાં લઈ જાય છે.

પરંતુ સુસમાચાર એ છે આપણે પાપથી છૂટકારો પામીને ઈશ્વર સાથે પુન:સ્થાપિત થઈ શકીએ

છીએ. બાઇબલ કહે છે, "પાપનો મુસારો મરણ છે, પણ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે." (રોમન ૬:૨૩) ઇસુ જ્યારે વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર માનવજાતના પાપોને માટે કિંમત ચૂકવી. ત્યારબાદ, તેઓ ત્રણ દિવસ પછી પાછા ઉઠ્યા, ઘણા બધાને બતાવ્યુ કે તેઓ જિવંત છે અને સ્વર્ગમાં પાછા જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને કરુણાના ઈશ્વર છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈ વ્યક્તિ નાશ પામે અને નરકમાં જાય. જેથી કરીને તેઓ પૃથ્વી પર આવ્યા, અને સમગ્ર માનવજાતને માટે પાપથી અને તેના પરિણામોથી છૂટકારાનો માર્ગ પૂરો પાડ્યો. તેઓ પાપીઓને, મારા અને તમારા જેવા અનેકોને, પાપથી છોડાવવા અને અનંતકાળીક નાશથી બચાવવા આવ્યા.

પાપની મફત માફી મેળવવા માટે, બાઇબલ કહે છે તે મુજબ આપણે માત્ર એક જ બાબત કરવાની છે-ઇસુ ખ્રિસ્તે વધસ્તંભ પર જે મરણ સહન કર્યું તે સ્વીકારીએ અને પૂર્ણ હૃદયે તેના પર વિશ્વાસ કરીએ.

**....જે કોઈ તેના નામ પર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે." (પ્રે.કૃ. ૧૦:૪૩)**

**"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેણે મુએલામાથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ." (રોમન ૧૦:૯)**

જો તમે ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખો તો, તમે પણ માફી મેળવીને તમારા પાપોથી શુધ્ધ થઈ શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવામાં અને તેઓએ વધસ્તંભ પર તમારા માટે જે કર્યું તે અંગેનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને તમારા વિશ્વાસને પ્રમાણિત કરવા મદદરૂપ થશે કે ઇસુએ તમારા માટે વધસ્તંભ પર પાપથી છોડાવવા અને શુધ્ધ કરવા કેવું અદભૂત કાર્ય કર્યું છે. પ્રાર્થના માત્ર તમને માર્ગદર્શન માટે જ છે. તમે તમારા પોતાના શબ્દો અને ભાવના વાપરીને પણ

પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, આજે, મને સમજાયું છે કે તમે મારા માટે વધસ્તંભ પર કેવું અદભૂત કાર્ય કર્યું છે. મારા માટે મૃત્યુ પામ્યા, તમારુ મૂલ્યવાન રક્ત વહેવડાવ્યું અને મારા પાપોને માટે કિંમત ચૂકવી કે જેથી મને માફી મળે. બાઇબલ મને જણાવે છે કે જે કોઈ તમારા પર વિશ્વાસ કરે છે તેઓ તેમના પાપોથી મુક્તિ મેળવે છે.*


*આજે, હું નિર્ણય કરૂં છુ કે હું તમને પ્રભુ તરીકે સ્વિકારુ છુ અને તમે મારા માટે વધસ્તંભ ઉપર મૃત્યુ પામ્યા અને મરણમાંથી સજીવન થયા એવો વિશ્વાસ કરૂં છુ. હું જાણું છુ કે હું મારા સારા કાર્યોથી મારો બચાવ કરી શકતો નથી કે અન્ય કોઈ વ્યક્તિ મને બચાવી શકે એમ નથી. હું મારા પાપોની માફી માટે અન્ય કોઈ ઉપાય કરી શકતો નથી.*
*આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરૂં છુ અને મારા મોંઢાથી કબુલ કરૂં છુ કે તમે મારા માટે મૃત્યુ પામ્યા, તમે મારા પાપોની માફીને માટે કિંમત ચૂકવી, તમે મારા માટે મૃત્યુમાથી સજીવન થયા, અને તમારા પરના મારા વિશ્વાસે કરીને મને પાપોની માફી અને શુધ્ધતા મળી છે.*
*ઇસુ પ્રભુ તમારો આભાર, તમને પ્રેમ કરવામાં, તમને વધુ ઓળખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવામાં મને મદદરૂપ થજો. આમેન.*

# DOWNLOAD THE FREE APP!

*Search for*
"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play




*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ્સ ચર્ચ
# બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર

ઓલ પીપલ્સ ચર્ચ બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર (APC-BC), દ્વારા ભારતના બેંગલોર શહેર ખાતે, આત્માથી ભરપૂર, અભિષિક્ત, હાથવગી તાલીમ, પવિત્ર આત્માની અલૌકિક શક્તિની સાથે સાથે સૈધ્ધાંકિત નિપૂણતા અને વૈચારિક ઉત્તેજના વડે સેવાને સમૃધ્ધ કરવા ઈશ્વરના વચનોનો અભ્યાસ પૂરો પાડવામાં આવે છે. અમે માનીએ છીએ કે વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે ઈશ્વરના ગુણો તાદ્રશ્ય કરે તેવા, વચનમાં ઊંડે સુધી મૂળ નાંખેલા, ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારોને શક્તિશાળી રીતે પ્રદર્શિત કરે – આ બધી જ બાબતો ઈશ્વર સાથેના ગાઢ સંબંધમાં વહેતી થાય.

APC-BC ખાતે, નિપૂણ શિક્ષણની સાથે સાથે, અમે એ બાબત પર ખાસ ભાર મૂકીએ છીએ કે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવામાં આવે, પવિત્ર આત્માની હાજરી અને ઈશ્વરના સર્વશક્તિમાન કાર્યો અભિષિક્ત થાય. અસંખ્ય યુવા ભાઈઓ અને બહેનોને તાલીમ આપીને મોકલવામાં આવ્યા છે કે જેથી તેઓ તેમના જીવનમાં ઈશ્વરીય તેડાને પુર્ણ કરી શકે.

અમે ત્રણ પ્રકારના કાર્યક્રમો ચલાવીએ છીએ:

ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં એક વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ (C.Th)

ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં બે વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ (Dip.Th)

ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ (B.Th)

સોમવાર થી શુક્રવાર ૯:00 થી ૧:00 દરમ્યાન દરરોજ વર્ગો ચલાવવામાં આવે છે. બહારથી અભ્યાસ કરતાં, કાર્યરત વ્યવસાયીઓ અને ગૃહસ્થો પણ તેઓના કામ પૂરા કર્યા બાદ ૧:00 વાગ્યા પછી વર્ગોમાં હાજરી આઓઈ શકે છે અને અભ્યાસ ચાલુ રાખી શકે છે. જેઓ રહેવાસી વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવા માંગે છે તેવા પુરુષો અને બહેનો માટે અલગ અલગ છાત્રાલયોની વ્યવસ્થા છે. સપ્તાહના ચાલુ દિવસો દરમ્યાન, ૨:00 થી ૫:00 દરમ્યાન વિદ્યાર્થીઓ ફિલ્ડ વર્ક, વિશેષ શિબિરોમાં, બપોર પછીના પ્રાર્થના અને સ્તુતિના કાર્યક્રમોમાં ભાગ લે છે. જેઓ બહારથી અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓએ માટે બપોર પછીના સેશન વૈકલ્પિક રાખવામા આવ્યા છે. શનિવાર અને રવિવારની સ્થાનિક મંડળીઓમાં સેવા આપવા માટે ઉતેજન આપવામાં આવે છે. કોલેજ, અભ્યાસક્રમ, યોગ્યતા, અભ્યાસનો ખર્ચ વિગેરે માહિતી માટે અને અરજી કરવા માટે કૃપા કરી www.apcwo.org/biblecollege. ની મુલાકાત લેશો.

APC-BC is
accredited by the Nations Association
for Theological Accreditation (NATA).

આપણે વિશ્વાસ કરીએ છીએ કે લગ્ન એ ઈશ્વરનો વિચાર છે. જેથી આપણે લગ્નની વ્યવસ્થાનો આનંદ માણીએ છીએ. આપણે એ પણ જાણીએ છીએ કે મંડળી ઈશ્વરનો વિચાર છે જેથી આપણે મંડળીની વ્યવસ્થાનો આનંદ માણીએ છીએ. હવે સુસમાચાર એ છે કે કાર્ય કરવું એ પણ ઈશ્વરનો વિચાર છે કે જેને ઈશ્વરે જ સ્થાપિત કર્યું છે. જેથી આપણે કાર્ય કરવાનો આનંદ માણવો જ રહ્યો.

**All Peoples Church & World Outreach**
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org